### ડો.જય ઓઝા લિખિત સતત ૧૭ વર્ષથી ચાલતી વિચારયાત્રા

## ડાયલોગથી દેવભાષા' પુસ્તકની દ્વિતીય આવૃત્તિનો ઉમળકો યોજાઈ ગયો



ગાંધીનગર,તા.૦૨

ડૉ. જય ઓઝાના 'ડાયલોગથી દેવભાષા'પુસ્તકની દ્વિતીય આવૃત્તિ પ્રસંગે અને ડૉ. જય ઓઝાની સતત ૧૭ વર્ષથી ચાલતી 'વિચારયાત્રા' કૉલમનો ઉમળકો વ્યકત કરવાનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે કૃષ્ણકાન્ત જહાએ હદયપૂર્વક ડૉ. જય ઓઝાને વધાવ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે આઈ.આઈ.ટી.ઈ. અને ચિલ્ડ્રન્સયુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદભાઈ પટેલ, અતિથિ વિશેષ તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા જ્યારે પ્રેરક વક્તા તરીકે સંસ્કૃત પ્રા. ડૉ. વસંતભાઈ ભટ્ટ હાજર રહ્યા હતા. મહાનુભાવોએ જણાવ્યું હતું કે, આ પ્રકારના અનોખા પુસ્તક નવી પેઢીને આપણા પુરાતન શાસ્ત્રોનો પરિચય કરાવવામાટે સહાયક બનશે. કાર્યક્રમનું સંચાલન ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ કલ્પેશભાઈ પટેલે કર્યું હતું. જ્યારે સમગ્ર આયોજનમાં કવિ કિશોર જિકાદરાએ અનન્ય યોગદાન આપ્યું હતું.

# ન્યુ વાવોલ વિસ્તારમાં અકસ્માતો વધ્યા

**ભારે વાહનો રહેણાંક વિસ્તારમાં જતાં અકસ્માતો વધ્યા : સ્પીડ બ્રેકર્સની માંગ ઉઠી વાવોલ-કોલવડા અને ગોકુળપુરા તરફથી સોસાયટી વિસ્તારોમાં સ્પીડબ્રેકર્સ મુકવાની લોકમાંગણી ઉઠી**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગર પાલિકામાં સમાયેલા વાવોલ વિસ્તારમાં અકસ્માતોની ભરમાર થઈ રહી છે. અહીંયા ભારે વાહનો સોસાયટીના રહેણાંક વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા છે. જેના કારણે નાના વાહનચાલકો અને ચાલતા જતા લોકો માટે અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. જો કે ઘણી જગ્યાએ સ્પીડબ્રેકર્સ લગાવાયા છે. ગાંધીનગરથી અમદાવાદ તરફ જતા બાયપાસ માર્ગ પરના વાવોલ-કલોલ રોડ તથા વાવોલ-ઉવારસદ રોડને જોડતા ૪૫ મીટરના એપ્રોચ રોડ પરની સોસાયટીઓના રહીશો દ્વારા ઘણા સમયથી સ્પિડબ્રેકર્સ લગાડવા અંગે રજૂઆતો કરવામાં આવી હતી.

જેના પગલે અકસ્માતનું જોખમ ઘટાડી શકાય. સ્થાનિક કોર્પોરેટર તથા ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલને રહીશો દ્વારા આ બાબતે રજુઆત કરવામાં આવતાં તેમણે તુરંત વાતની ગંભીરતા સમજીને સ્પિડબ્રેકર્સ લગાડવાનો નિર્ણય લીધો હતો અને તાત્કાલિક અમલ કરાયો હતો. અત્યંત જોખમી બનેલા માર્ગ પર સ્પિડબ્રેકર્સ લાગી જતાં સોસાયટીઓના રહીશોમાં હાંશકારો ફેલાયો હતો.

પરંતુ ગોકુળપુરા માર્ગ પરની સોસાયટીઓના રહિશોને હજી અકસ્માતોનો ભય સતાવી રહ્યો છે. અંતરિયાળ સોસાયટી તરફ જતા માર્ગો પર સ્પીડબ્રેકરની સુવિધા નથી કરાઈ જેના કારણે વાહનો પૂરપાટ ઝડપે જઈ રહ્યા છે. જ્યાં ચાલતા જતા નાગરિકોની સંખ્યા એટલે કે વોકિંગ માટે જતા લોકોની સંખ્યા પણ વધારે જોવા મળી રહી છે. ત્યારે આ વિસ્તારમાં લોકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. તાજેતરમાં વાવોલ સિદ્ધાર્થ હોટલ પાસે અકસ્માતમાં એક વૃદ્ધનું મોત નીપજ્યુ છે. જેથી આ વિસ્તારમાં ભારે વાહનો સહિત અવરજવર કરતા મોટા વાહનોથી લોકોમાં ભયનો માહોલ છે. ગાડી હોય કે ટુ વ્હીલર હોય સ્પીડબ્રેકર્સ ન મળતા વાહનો પૂરપાટ ઝડપે ચાલી રહ્યા છે તેથી ગંભીર અકસ્માત થઈ રહ્યા છે. તેથી વાહનોની સ્પીડ ઘટાડવા માટે સ્પીડબ્રેકર્સ મુકવાની લોકમાંગણી ઉઠી રહી છે. વાવોલ-કોલવડા જતો માર્ગ અને અંતરિયાળ સોસાયટી તરફના માર્ગો પર સ્પીડબ્રેકર્સ મુકવાની માંગ ઉઠી રહી છે.



અંબાપુર પ્રાથમિક શાળાનો ૧૧૨ મો સ્થાપના દિવસ તેમજ વાર્ષિકોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા એ હાજરી આપી હતી. માન. મેયરએ શાળા સાથે જોડાયેલ તમામ લોકોને શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે અંબાપુર શાળા વિદ્યાર્થીઓનો સર્વાંગી અને સંપૂર્ણ વિકાસ કરીને શિક્ષણ ક્ષેત્રે રાષ્ટ્રમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપી રહી છે તે ખૂબ પ્રશંસનીય કાર્ય છે.

આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા, શાળાના પ્રિન્સિપાલ, શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજયના પશુપાલન મંત્રી રાઘવજી કેન્દ્રીય મંત્રી રૂપાલાની મુલાકતે

ગાંધીનગર, તા.૦૨

રાજયના પશુપાલન,ગૌ સંવર્ધન અને મત્સ્યોધોગ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે કેન્દ્રીય પશુપાલન, ડેરી વિકાસ અને મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી પુરષોત્તમ રૂપાલાની નવી દિલ્હી ખાતે શુભેચ્છા મુલાકાત લઈ ગુજરાત રાજ્યના પશુપાલન, ડેરી અને મત્સ્યોદ્યોગ ક્ષેત્રના વિકાસ માટે વિવિધ મુદ્દાઓ પર હકારાત્મક ચર્ચા વિચારણા કરી હતી.

આ બેઠકમાં કેન્દ્રીય મંત્રી શ્રી રૂપાલા સમક્ષ રાજ્યમાં ગુજરાત સરકાર દ્વારા પશુપાલકોના હિતમાં અમલમાં મુકાયેલ રાજ્યવ્યાપી પશુ આરોગ્ય મેળા અભિયાન, મુખ્યમંત્રી નિઃશૂલ્ક પશુ સારવાર યોજના, દસ ગામ દીઠ એક ફરતું પશુ દવાખાનું, કરુણા એનિમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨, કરુણા અભિયાન, પશુ રોગ નિદાન કામગીરી, પશુ સંવર્ધન, પશુ જાતીય આરોગ્ય સારવાર કેમ્પ જેવા વિવિધ આયામોની અમલવારી તેમજ તેની હકારાત્મક અસર સ્વરૂપે રાજ્યમાં દૂધ ઉત્પાદનમાં તેમજ પશુઓની ઉત્પાદકતામાં નોંધાયેલ વધારો અને પશુઓમાં વાર્ષિક રોગચાળાની સંખ્યામાં નોંધાયેલ ઘટાડો જેવા વિષયો પર સવિસ્તૃત ચર્ચા વિચારણા કરાઈ હતી.

# પેપરલીક કૌંભાડો અટકાવવા કડક કાયદો બનાવો : યુવરાજસિંહ જાડેજા

**કૌભાંડ આચરનાર, તેને મદદ કરનાર અને ઉમેદવાર તમામને કડક સજા જરૂરી : કુલ પાંચ વિભાગોમાં ગેરરીતિ આચરાઇ હોવાનો યુવરાજસિંહનો દાવો**

ગાંધીનગર, તા. ૦૨

આજે ફરી એકવાર "યુવા અધિકાર ન્યાય ચળવળ" અંતર્ગત વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ અન્ય એક પરીક્ષામાં પણ ગેરરીતિનો આક્ષેપ કરવા સાથે તાજેતરમાં સર્જાયેલા પેપર લીક કૌભાંડના તાર તેની સાથે મળતાં હોવાનો દાવો કર્યો હતો. આ સાથે યુવરાજસિંહે ભ્રષ્ટાચાર, ગેરરીતિ કૌભાંડ કે વિદ્યાર્થીના ભાવિ સાથે થતાં ચેડાં અટકાવવા માટે તમામ આરોપીને પકડી તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, વજે રીતે અન્ય રાજ્યોમાં જેવા કે રાજસ્થાન, મહારાષ્ટ્રમાં આ પ્રકારના ગુના ડામવામાં માટે કડક કાયદો બનાવવામાં આવ્યો છે તેવો કાયદો બનાવવામાં આવે તેવી માંગ કરી છે. યુવરાજસિંહના જણાવ્યાં અનુસાર યુવાનોના ભાવિ સાથે ચેડાં કરનાર આવા મળતીયાઓ, આશ્રિતો, વગદાર અસમાજિક તત્વોને આશ્રય આપવાની કે છાવરવાની જગ્યાએ આવા લોકોને ઉઘાડા પાડવામાં આવે અને જે જે પેપરમાં ગેરરીતિ થઈ છે તેમાં શકય હોય ત્યાં સુધીગેરરીતિ કરનાર ઉમેદવારોને દૂર કરવામાં આવે તેમજ ગેરરીતિ કરનાર તમામ ઉમેદવારોની આજીવન તમામ પરીક્ષાઓ માટે ઉમેદવારી રદ કરવામાં આવે અને સાથે સાથે આવા ઉમેદવારોને પણ સજા થવી જોઈએ સાથે ગેરરીતિમાં મદદ કરનાર જો કોઈ રાજ્ય સેવક કે કોઈ સંસ્થા સંકળાયેલ હોઈ તે એના વિરુદ્ધ કાયદાકીય પગલા લેવામાં આવે તેવી માંગ કરવા સાથે પરીક્ષા લેનાર તમામ અધિકારીઓની જવાબદારી ફિક્સ કરવા અને પરીક્ષામાં જે એજન્સીને કોન્ટ્રાકટ આપવામાં આવે છે તેની



પૂરતી તપાસ કરવામાં આવે, તેનો ટ્રેક રેકોર્ડ તપાસવામાં આવે અને કોઈ પદાધિકારીના સગાવ્હાલાં કે મિલીભગતિયા નથી તે ચોક્કસ તપાસવામાં આવે તેવી પણ માંગ કરી છે. તેમના જણાવ્યાં અનુસાર જો આ પેપર ફોડનાર કે કૌભાડી વિરૂદ્ધ કડક કાયદો બનાવવામાં આવશે તો જ આવા લોકોને અટકાવી શકીશું. ભવિષ્યમાં પણ જો આ બાબતે સરકાર ગંભીર નહિ થાય તો આવા બનાવ અગાઉ પણ બનતા રહ્યાં છે તેમ બનતા રહેશે તેવું વર્તમાન પરિસ્થિતિના આધાર ઉપર થી લાગી રહ્યું છે. જુનિયર કલાર્કની પરીક્ષામાં પકડાયેલ આરોપીઓમાંનો એક આકા હજુ પોલીસ ગીરફતથી દુર છે. રાજ્ય અને રાજ્ય બહારના મોટા અધિકારીઓ સાથે ખૂબ સારા સબંધ ધરાવતો હોવાના કારણે તે છટકી ગયો અને તેના મૂળ દલાલ હાલ પકડાયેલ છે.આ ગેંગ ઓનલાઈન લેવાતી ઊર્જા વિભાગની ભરતી ૨૦૧૮, ૨૦૧૯,૨૦૨૦ અને ૨૦૨૧ની માસ્ટર માઈન્ડ ગેંગ છે.જેઓની આ ચેનલ ખુબજ સ્ટ્રોંગ અને મજબૂત છે. ભાસ્કર ચૌધરી અને કેતન બારોટનો આકા કે જે અન્ય રાજ્ય અને કેન્દ્ર અને નેપાળ જેવા દેશોની પરીક્ષામાં પણ ગેરરીતિ આચરતો હોવાની અમારી પાસે માહિતી છે, જે નીશિકાંત સિન્હા હોઈ શકે છે. યુવરાજ સિંહ જાડેજાએ યર્ઝની ભરતીમાં આર્થિક લાભથી કૌભાંડ આચરાયું હોવાનો આરોપનો દાવો કર્યો છે. પેપર લીક કાંડ મુદ્દે યુવરાજસિંહ જાડેજાએ ફરીવાર ગંભીર આક્ષેપો કરતા સરકારી ભરતીમાં ગેરરીતિમાં જોડાયેલા લોકોની કુંડળી જાહેર કરી છે. યર્ઝની ભરતીમાં એક જ ગામના ૧૮ પરીક્ષાર્થીઓને નિમણૂંક આપી હોવાનો ઉલ્લેખ કર્યો છે. UGVCL, PGVCL, MGVCL, DGVCL એમ કુલ પાંચ વિભાગોમાં ગેરરીતિ આચરાઈ હોવાનો યુવરાજસિંહે દાવો કર્યોછે. કૌભાંડનું એપી સેન્ટર અરવલ્લી જિલ્લો અને જિલ્લાનો બાયડ તાલુકો હોવાનો યુવરાજસિંહ જાડેજાએ ઘટસ્ફોટ કર્યોછે.

## પેપર લીક કૌભાંડની તપાસ માટે એસઆઈટીની રચના કરો : એબીવીપી

**પેપર લીકના કૌભાંડીઓની સંપત્તિની હરાજી કરવા ૨૪ કલાકમાં નવી તારીખો જાહેર કરી ૨૦ દિવસમાં પરીક્ષા લેવા સાથે પરીક્ષાર્થીઓનો ખર્ચ સરકારે ઉપાડી લેવા માંગ કરાઇ**

ગાંધીનગર, તા.૦૨

ગાંધીનગરના અખિલ ભારતીય વિધાર્થી પરિષદ દ્વારા તાજેતરમાં સર્જાયેલા જુનિયર કલાર્કની પેપર લીક કૌભાંડમાં એસઆઈટીની રચના કરવા સાથે ૨૪ કલાકમાં પરીક્ષાની નવી તારીખો જાહેર કરી માત્ર ૨૦ દિવસમાં પરીક્ષા લેવામાં આવે અને પરીક્ષાર્થીઓને માટે યાત્રા, નિવાસ, ભોજન ખર્ચ સરકાર દ્વારા ઉપાડવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આ સાથે એબીવીપી દ્વારા પેપર લીક કૌભાંડના આરોપીઓ સામે રાજદ્રોહનો ગુનો દાખલ કરવા ઉપરાંત કૌભાંડીઓની સંપત્તિની હરાજી કરવા સહિતની વિવિધ માંગણીઓ કરવામાં આવી છે. આ સંદર્ભે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળના અધ્યક્ષને આવેદન પત્ર આપવામાં આવ્યું છે.

એબીવીપી દ્વારા આવેદન પત્રમાં જણાવાયું છે કે "ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આયોજિત જુનિયર કલાર્કની પરીક્ષાના પેપર લીક થવું એ લાખો યુવાનો સાથે છેતરપિંડી છે, સમયાંતરે પેપર લીક થવું એ પ્રદેશની સ્પર્ધાત્મક પરીક્ષા તંત્ર પર પ્રશ્નો ઉભા કરે છે, સ્પર્ધાત્મક પરીક્ષા તંત્ર સદંતર નિષ્ફળ સાબિત થઈ રહ્યું છે. આથી અખિલ ભારતીય વિધાર્થી પરિષદ માંગ કરે છે કે ૨૪ કલાકમાં પરીક્ષાની નવી તારીખો જાહેર કરવામાં આવે જેમાં ૨૦ દિવસની અંદર અંદર આ પરિક્ષાઓ લેવામા આવે, પરીક્ષા માટે આવનાર પરીક્ષાર્થીઓ માટે આવશ્યક વ્યવસ્થાઓ જેવી કે યાત્રા, નિવાસ, ભોજનની વિશેષ જવાબદારી રાજ્ય સરકાર ઉપાડે, આ પેપર લીક કૌભાંડ પર વિશેષ તપાસ સમિતિની રચના કરવામાં આવે, આ કૌભાંડમાં જવાબદાર વ્યક્તિઓ પર રાજદ્રોહનો કેસ લગાવવામાં આવે, ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ટ્રાયલ ચલાવવામાં આવે તથા આરોપીઓને ત્વરિત કડકમાં કડક સજા કરવામાં આવે, સ્પર્ધાત્મક પરીક્ષા તંત્રમાં અધિકારીઓ, શિક્ષણવિદોના ખાલી પડેલા મહત્વના પદો પર જલ્દી નિયુક્તિ કરવામાં આવે અને આરોપીઓની પ્રિન્ટીંગ પ્રેસ, કોચિંગ, સંપતિની સરકાર દ્વારા હરાજી કરીને દાખલો બેસાડવામાં આવે" તેવી માંગ એબીવીપી દ્વારા કરવામાં આવી છે.

# સહયોગ સંકુલમાં પીવાના પાણીના રૂમ અને શૌચાલયની હાલત બદતર..!!



ગાંધીનગરમાં સ્વચ્છતા બાબતે બેદરકારી માત્ર જાહેર સ્થળો પર જ નહીં પરંતુ સરકારી ઈમારતોમાં પણ જોવા મળી રહી છે. પાટનગરની અનેક સરકારી ઈમારતોમાં મુલાકાતીઓ માટે પીવાના પાણીના રૂમ કે બાથરૂમ-શૌચાલય વગેરેની હાલત અત્યંત બદતર જોવા મળે છે. શહેરના સેક્ટર ૧૧ ખાતેના સહયોગ સંકુલમાં છઠ્ઠા માળે મુલાકાતીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા છે ત્યાં અસહ્ય ગંદકી સાથે પાણીના નળ પણ તૂટેલી હાલતમાં જોવા મળી રહ્યાં છે. આ સાથે અંહી શૌચાલયમાં ખૂબ જ ગંદકી સાથે સફાઈનો અભાવ પણ મુલાકાતીઓ માટે પરેશાનીરૂપ બની રહ્યો છે.

## IIT ગાંધીનગર ખાતે કેમ્પ આર્ટ એન્ડ લર્નિંગનું આયોજન

ગાંધીનગર,તા.૦૨

ગાંધીનગરઃ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અભ્યાસક્રમમાં કલાને એકીકૃત કરવાના મહત્વ પર ભાર મૂકવા, કલાના એક્સ્પ્લોરેશનને પ્રોત્સાહિત કરવા, જિજ્ઞાસાને પોષવા, અને વિજ્ઞાન શિક્ષણ સાથે આંતરછેદ બનાવવાના ઉદ્દેશ્ય સાથે, ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (ૈંૈંञ્ઞ)ની ક્યુરિયો સિટી લેબ ધોરણ ૬ થી ૧૨ ના શાળાના વિદ્યાર્થીઓ ઉપરાંત શિક્ષકો, વાલીઓ, અને શિક્ષણના વિદ્વાનો માટે ૩ થી ૫ ફેબ્રુઆરી, ૨૦૨૩, દરમિયાન એક ઑનલાઈન શિબિર 'કેમ્પ આર્ટ એન્ડ લર્નિંગ' હોસ્ટ કરવા જઈ રહી છે. શીખતી વખતે વિદ્યાર્થીઓની જિજ્ઞાસા કેવી રીતે વધારવી તે જાણવા માટે ક્યુરિયોસિટી લેબ વૈજ્ઞાનિક સંશોધન કરે છે.

૨૦૨૧થી તે શાળાના બાળકો તેમજ શિક્ષકોના રસને પ્રોત્સાહિત કરવા અને શિક્ષણને મનોરંજક અને આકર્ષક બનાવવા માટે આઉટરીચ પહેલ તરીકે 'ક્યુરિયોસિટી કેમ્પ'નું આયોજન કરી રહ્યું છે. આ વર્ષના ક્યુરિયોસિટી કેમ્પનું નામ છે 'કેમ્પ આર્ટ એન્ડ લર્નિંગ'. તેના સત્રોનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને શિક્ષકોને શાળાના વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે અભ્યાસક્રમમાં કલા શિક્ષણ સમાવવાના વિચાર સાથે પરિચિત કરાવવાનો છે. કલાને શિક્ષણ સાથે જોડવામાં આવે તો તે સર્જનાત્મકતા, સ્વ-અભિવ્યક્તિ અને સહયોગને પ્રોત્સાહન આપે છે. તે વિદ્યાર્થીઓને નિર્ણાયક વિચાર કૌશલ્ય વિકસાવવા માટે સક્ષમ બનાવે છે અને વૈજ્ઞાનિક અભિગમના નિર્માણમાં પણ મદદ કરી શકે છે.

તે સાંસ્કૃતિક જાગૃતિ અને આંતર શાખાકીયતાને પ્રોત્સા હન આપે છે અને એકંદર શૈક્ષણિક સિદ્ધિઓને વધારે છે. અભ્યાસોએ એ પણ દર્શાવ્યું છે કે કલા શિક્ષણમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ શૈક્ષણિક રીતે વધુ સારું પ્રદર્શન કરે છે. અન્ય વિદ્યા શાખાઓમાં સંકલિત કલા સમગ્ર શિક્ષણના અનુભવને સમૃદ્ધ બનાવે છે.

### ગુજરાત દંઢાવ્ય વિભાગ મોચી સમાજ દ્વારા પમીએ સમુહ લગ્ન મહોત્સવ

ગાંધીનગર, તા.૨

શ્રી પોપટલાલ પી.પરમાર, ગુજરાત દંઢાવય વિભાગ જનક્ષત્રિય (મોચી) સમાજ, સમુહલગ્ન અને સેવા ટ્રસ્ટ અમદાવાદ દ્વારા આયોજિત સમુહલગ્ન મહોત્સવ-૨૦૨૩ તા.૫/૨/૨૦૨૩ના રોજ રંગમંચ સે-૨૮ ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં ૧૩ યુગલો પ્રભુતામાં પગલા માંડશે. યુગલોને આશિર્વાદ આપવા સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે તેમ લગ્ન સમિતિના પ્રમુખ, મંત્રી અને હોદ્દેદારોએ જણાવ્યું હતું.

## શહેરમાં સરકારી આવાસોને અનઅધિકૃત કબ્જેદારોથી મુક્ત કરવા નવેસરથી સર્વે કરાશે

**આવાસના લાભાર્થીઓએ સઘળી વિગતો દર્શાવતું ફોર્મ ભરવાનું રહેશે : પોતાનું ઘર હોય તેવા કિસ્સામાં પણ આવાસ ખાલી કરાવી દેવાશે**

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરમાં સરકારી આવાસોના મુદ્દે તંત્ર માટે શિરદર્દ ઉભો થયો છે એક તો જોખમી આવાસો વધુ છે રહેણાંકને લાયક મકાનો નથી ત્યારે સમયાંતરે પેટા ભાડુઆતોના કિસ્સા પણ સામે આવે છે આ સ્થિતિને અનુલક્ષી તંત્ર દ્વારા સેક્ટરોમાં સ્થિત વિવિધ કક્ષાના આવાસો મામલે નવેસરથી સર્વે હાથ ધરવામાં આવશે જેમાં તમામ માહિતી એકત્રિત કરાશે જયારે પોતાનું ઘર ધરાવતા હોય તેવા કિસ્સામાં મકાન ખાલી કરવા માટે પણ પગલા લેવાશે વિવિધ સેક્ટરમાં વિવિધ કક્ષાના સરકારી આવાસમાં રહેતા વસાહતીઓની તમામ માહિતી મેળવીને સરકારી આવાસના અનધિકૃત કબ્જામા થી મુક્ત કરાવવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે પાટનગર યોજના વિભાગ આ માટે કામે લાગ્યું છે સુવિધા કેન્દ્રોને પણ જરૂરી સૂચના આપી દેવામાં આવી છે આ અન્વયે આવાસ સંબંધિત સઘળી માહિતી મેળવવા માટેનું ફોર્મ દરેક સરકારી આવાસ પર પહોંચતા કરવામાં આવી રહ્યાં છે. જેના આધારે આવાસના લાભાર્થીની ફોટોગ્રાફ સહિતની વિગતો એકત્રિત કરાશે આ સઘળી વિગતો પુરી પાડવાનું ફોર્મ પણ લાભાર્થીએ જ ભરીને આપવાનું રહેશે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી આવાસમાં રહેતા લાભાર્થીઓને ક્યારે મકાન ફાળવવામાં આવ્યું, કર્મચારી ક્યા વિભાગમાં અને ક્યા હોદા પર નોકરી કરે છે, તેમનું વતન કયુ છે. ક્યારે બદલી થઈને ગાંધીનગર આવ્યા, જન્મ તારીખ અને નિવૃતિની તારીખ શું છે, આવાસાના ભાડાની વસૂલાત થયા સંબંધમાં પગાર સ્લીપની નકલ, અમદાવાદ અથવા ગાંધીનગરમાં લાભાર્થી કે તેમના પત્નીના નામનું માલિકીનું મકાન હોય તો તેની કાર્પેટ એરિયા સહિતની માહિતી લેવાશે જયારે નિવૃતિ, બદલી કે અવસાનના કિસ્સામાં નિયમ પ્રમાણે મળવાપાત્ર સમયગાળા બાદ આવાસમાં કબ્જો ધરાવતા હોય તો કેટલા સમયથી છે વગેરે વિગતો એકત્રિત કરવામાં આવી રહી છે આમછતાં કોઈ કિસ્સામાં મકાન સંબંધિત વિગતો આવાસના કબ્જેદારો નહીં આપે તો સંબંધિત વિભાગ કક્ષાએથી એકત્રિત કરાશે જયારે પોતાની માલિકીનું મકાન હોય તેવા કિસ્સામાં લાભાર્થીએ આવાસ ખાલી કરવાનું રહેશે

## સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા હાઈટ હન્ટનું આયોજન

ગાંધીનગર, તા. ૦૨

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા સંચાલિત જિલ્લાકક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ યોજના અંતગ્રત હાઈટના આધારે અંડર-૧૪ વય જૂથના ખેલાડી એટલે કે તારીખ-૦૧/૦૧/૨૦૧૦ ત્યારબાદ જન્મેલા ભાઈઓ-બહેનો માટે પસંદગી પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું છે. હાઈટ હન્ટના માપદંડમાં આવતા ખેલાડી ભાઈઓ-બહેનોએ જન્મતારીખ અને રહેઠાણનો પુરાવા સાથે સમયસર ઉપસ્થિત રહેવા જિલ્લા રમત વિકાસ અધિકારી કૌશિકભાઈ એન પટેલની અખબારી યાદીમાં જણાવાયું છે. હાઈટ હન્ટમાં સામેલ થવા માટે શહેરી વિભાગના ખેલાડીઓ માટે તારીખ ૦૭/૦૨/૨૦૨૩ના રોજ સવારે-૯.૦૦ કલાકે જે.એમ.ચોધરી સાર્વજનિક કન્યા સેક્ટર-૭ ગાંધીનગર ખાતે કસોટી યોજાશે જેના કન્વીનર મયંક આચાર્ય-૯૫૮૬૨૫૫૦૫૯, જીવણજી ઠાકોર-૮૧૪૧૬૫૮૨૨૯ છે જ્યારે તા.૦૮/૦૨/૨૦૨૩ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે બ્લીસ ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, માણસા ખાતે ગ્રામ્ય વિભાગના ખેલાડીઓ માટે કસોટી યોજાશે જેના કન્વીનર .જીમી સોની-૯૫૫૮૬૩૨૧૬૭ અને મહમંદ અયાઝ-૮૪૬૦૮૧૨૭૩૭ છે.